२२

બાળા-ગરબાવળી.

રચનાર

બ્રિજવલ્લભ દામોદરદાસ.
મુખ્ય શિક્ષક, મ્યુનિસિપલ કન્યાશાળા
માંડવી-જીલ્લેસુરત.

(પહેલી આવૃત્તિ)

સુરત.
"મિત્ર" પ્રેસમા કાશીદાસ ભગવાનદાસે છાપી.

ઇ. સ. ૧૯૦૧ સં. ૧૯૫૭

કિમ્મત અઢી આના.

પ્રસ્તાવના.

બાળાઓને બરની બે ત્રણ ગરબાવળીઓ આજ સુધી બહાર પડી છે. તે સર્વ કરતાં આ ગરબાવળી સરસ, સરળ કે ઉપયોગી છે, એમ મ્હારૂ કહેવુ નથી, પરતુ હુ જાતે બાળાઓનો લાંબી મુદ્દતનો શિક્ષક હોવાથી મારા અનુભવ પ્રમાણે જૂની ગરબાવળીઓ કરતા કાંઇક જુદીજ ઢબે આ ગરબાવળીની રચના કરી છે.

બાળાઓને કયા ધોરણમાં કેટલો અભ્યાસ જોઇયે ? અમુક વિષયનું જ્ઞાન કેવી રીતે આપવુ ? કુમારિકારૂપે, ગૃહિણી રૂપે અને એક માતા તથા વૃધ્ધ માતારૂપે સસારમાં સ્ત્રીએ શી રીતે વર્તવુ ? સુખ દુ:ખના પ્રસગોમા શી રીતે સત્કીર્તિ પ્રાપ્ત કરવી ? ઇત્યાદિ અનેક અગત્યના વિષયોપર તેમજ સસાર સુધારાના કેટલાક જરૂરી અને કિમતી વિષયોપર મેં મારી અલ્પ બુધ્ધિ પ્રમાણે કેટલોક બોધ આમા કવિતા રૂપે લખ્યો છે.

મને કવિતા બનાવવાનો બહુ મહાવરો નથી, તથાપિ પ્રથમ યત્ન તરિકે આ કવિતા કરી છે, અલબત એમાં કેટલાક દોષો હશે, તથાપિ તે તરફ રહેમ નજરે જોઇ સુજ્ઞ જનો સાર સાર વિચારશે અને આ ગરબાવળીનો પોતાના કુટુબમા છૂટથી ઉપયોગ કરશે તો હુ આશા રાખુ છુ કે તેમને થોડુંક પણ મનપસંદ વાચન મળશે; ને મારા શ્રમને તેથી સારી પેઠે સહાયતા થશે.

આ કવિતા તપાસી આપવામાં જે મિત્રોએ મને [illegible] કરી છે, તેમને માટે હુ ઉપકૃત છુ.

મુ૦ માંડવી જીલ્લે સુરત.

ફેબ્રુઆરી ૧૯૦૧ — ત્રિ૦ ઠા૦ ગ્રંથકર્તા.

સાંકળિયું.

બાળા-ગરબાવળી.

પ્રભુ પ્રાર્થના.

"આવો હરિ શિવશંકર ભોળા"—એ રાહ.

પ્રભુ તારા બહુ બહુ આભાર, જેનાં ગણતા ના'વે પાર,—પ્રભુ તારા. (ટેક.
પ્રાણિ માત્રને પાળો પોશો, ક્ષમા કરો નાથ થતા દોષો,
દયા દૃષ્ટિથી સામુ જોશો,—પ્રભુ તારા. ૧
કુશળ રાખો ભાંડુ સાથ, રાખો વળિ કુશળ પિતા માત,
સંકટથી તારો ગ્રહિ હાથ,—પ્રભુ તારા. ૨
રાખો નિત્ય અમ ઉપર રે'મ, રાખો અમને નિત્યે ક્ષેમ;
આપો અમને પરસ્પર પ્રેમ,—પ્રભુ તારા. ૩
કુમતિ સહુ કરૂણા કરી કાપો, સદા સુમતિનાં સુખો આપો,
પ્રીતિ પાત્ર આપતણું થાપો,—પ્રભુ તારા. ૪
વૃક્ષ ફળ મૂળ લીલા વિસ્તાર, અકળ ચતુરાઈ ચમત્કાર,
સુખદ શુભ કામ કર્યાં તૈયાર,—પ્રભુ તારા ૫
આપો અન્ન જળ વિદ્યા દાન, નહિ અન્ય આપ સમો શ્રીમાન,
નમુ પળપળ કરિ ગુણ ગાન,—પ્રભુ તારા. ૬

આરંભનો અભ્યાસ.

(ગરબો.)

"આવો બ્હેનો આજ સહુ ફરીએ"—એ રાહ.

આવો બાળા ગીત રૂડાં ગાઓ, (ટેક)

ગાઇ સહુ મગન મને થાઓ. આવો બાળા૦ ૧
પ્રથમ શીખો સો સુધી ગણતાં,
મુખે આંક દાન સુધી ભણતાં. આવો બાળા૦ ૨
કક્કા તણા અક્ષર ઓળખજો,
રમકડાંના આકાર આળેખજો.‡ આવો બાળા૦ ૩
રાતો કાળો લીલો પીળો રંગ,
જુઓ જાંબુ આસમાની નંગ.+ આવો બાળા૦ ૪
રમકડાંઓ ગોળ વાંકા રૂડાં,
ચિત્રો નાના મોટા નાજુકડાં. આવો બાળા૦ ૫
જુઓ ઝાડ પાન ને ફળ ફૂલ,
મોટી બીઆ ઝીણાં જાડાં મૂળ. આવો બાળા૦ ૬

કાક પક્ષી.

(પદ–રાગ ભોજા ભક્તના ચાબખા.)

" પ્રાણીઆ ભજી લેને કિતાર, આતો."—એ રાહ.

કેવળ કાળો ભોળો કાગ, એનો નહિ રૂપાળો રાગ. (ટેક)
નિત્ય પ્રભાતે વ્હેલો ઉઠીને, 'કાકા' મુખ પોકારે,
જગત્ જનોને નિંદ્રામાંથી નિયમસર જગાડે. કેવળ કાળો. ૧
દીવસ ભર ખાવાનું શોધવા, ભમે રમે ઠામ ઠામ,
સાવધ ને ઉદ્યોગી તેથી, કરે પોતાનું કામ. કેવળ કાળો. ૨
બે ચરણોને ચચ્ચાર આંગળે, ડોલતો ડોલતો ચાલે,
બાળક કર ખાવાનું ખેંચી, ચટ દઇ ચાંચે ઘાલે. કેવળ કાળો. ૩

‡નકલ કરજો. +ઘરેણાં જેવા અથવા કીમતી.

જબરી ચાંચે ખોદે જમીન ને, ઝાડે બાંધે જઇ માળો,
સાંઝે સમયસર સુએ તેમા જઇ, એવી બુધ્ધિ વાળો. કેવળ કાળો ૪
કાગનો ગુણ લઇ બાળક સુધરો, ઉદ્યોગે વખણાઓ,
વા'ણે ઉઠીને ભણુવા માંડો, દુખમાં દૂર ન થાઓ. કેવળ કાળો ૫

સાબર.

(ગરબો.)

" રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો. "—એ રાહ.

જુઓ જુઓ સાબર જાનવર જાતે,
એના અંગ મળે હરિણો સાથે. (ટેક)
કેવા શોભે શિંગો એને માથે,
એના હાથા બનાવે છે હાથે. જુઓ જુઓ. ૧
છરિ ચપ્પુ બટનમા એ શોભે,
દિપે રૂપા પ્રમાણે મન લોભે, જુઓ જુઓ. ૨
એના શિંગ આવે ઔષધ કામે,
વખણાય તેથી વૈદ્યક ધામે. જુઓ જુઓ. ૩
વળિ ફુટે એ શિંગોને ફાંટા,
વાગે એવા અણીદાર છે કાંટા. જુઓ જુઓ. ૪
વસે સાથે મળી ટોળેટોળા,
ઘણાં ગરિબ સ્વભાવે છે ભોળાં. જુઓ જુઓ. ૫
એની પિઠે રતુમડી ચામડી છે,
વળિ નિચે ધવળતા * સાપડી છે. જુઓ જુઓ. ૬
ત્વચા કોમળ સાબરની વખણાય;
તે પટા પગરખાંમાં વપરાય. જુઓ જુઓ. ૭

---

*ધોળાશ

વાઘ.

(પદ-રાગ ભોજા ભક્તના ચાબખાનો)

સુણજો વાઘ તણી તો વાત, બાળક થઇ હદે રળિયાત.—(ટેક)
ચામડી એની અતિ સુંવાળિ ને, સુંદર જાડા વાળ;
રંગ પીળામા કાળા પટ્ટાઓ, વાઘ તણી એ ભાળ.—સુણજો. ૧
વાઘ જેવુ બળ મળે ન કોમાં, થાય ડરી સહુ દૂર;
મારગમાં મેળાપ જો થાય તો, મારી કરે ચકચૂર—સુણજો. ૨
કદ વાછરડાં જેવુંજ છે પણ, કરે એ કાળો કેર;
વાડી ઝાડીને પહાડમાં ફરતો, કરે શિકાર ચોફેર.—સુણજો. ૩
પાણી પાસે એને ગમે રે'વાનું, ભાવતું બહુ રૂધીર;
પેટ ભરી આમિષ× આરોગે, તામસી ચિત્ત શરીર.—સુણજો. ૪
પંઝા મારીને તોબા કરાવે, વાઘ એવો વિકાળ,
વશ માણસની બુધ્ધિ આગળ, એ બળ બાળક ભાળ.—સુણજો. ૫
મહિષિને+ એ મારેજ ફાડે, પકડાવો મુશ્કેલ,
કેસરી સિંહ કદિ કેદ થાએ પણ, વાઘ મળવો મુશ્કેલ.—સુણજો. ૬

વિદ્યાભ્યાસનાં વખાણ.

(રાગ ખાયણાંનો.)

મારી માડીએ મ્હેર કરીને આજે,
આપી ભણવા કાજેરે, પોથી હાથમા. ૧
પોથી આપીને મુજને ભણવા મૂકી,
ભણતાં ભણતાં ચૂકી, રમતમાં હું પડી ૨
રમત રમ્યાથી પાઠ પડયો છે મારો,

×માંસ. +ભેસ.

જ્યારે આવ્યો વારો, ભણેલું ભૂલી ગઇ. ૩
ભૂલ પડયાથી નીચે જઇને બેઠી,
ચાનક મનમાં પેઠી, ફરી નહિ વિસરૂં. ૪
વિસરવાથી બેનપણીઓ હસતી,
મૂકીને હું મસ્તીરે, બેઠી ગોખવા. ૫
ગોખીને કીધું બોધ વચન મે મોઢે,
બેઠી સહિયર જોડે પરિક્ષા આપવા. ૬
પરીક્ષામા માન મળ્યું છે ભારી,
ઠોઠ રહેલી નારી, બળેલું બોલતી. ૭
બાપુજી મારા વિનતિ મનમા લેજો,
વિદ્યા સર્વદા દેજો, જેથી હું સુધરૂં. ૮

પહેલા ધોરણ બદલ શિક્ષણ બોધ.

(ગરબો.)

" આવો બેનો આજ સહુ ફરીએ "—એ રાહ.

આવો બેનો આજ સહુ ભણીએ, (ટેક)
વીશા સુધી આંક મોઢે ગણીએ. આવો બેનો. ૧
લખોટાનો ઉપયોગ તો કરીએ;
હોંસે શીખી ઉમગે ફરીએ. આવો બેનો. ૨
શીખો ચૅલી પોથી પૂરી પ્રીતે,
બીજીમાં બેસાય રૂડી રીતે. આવો બેનો. ૩
સાદા શબ્દો જેહ લખી જાણે,
ચૂકે નહિ જોડણી કો ટાણે. આવો બેનો. ૪
શીખે લખે બારાખડી જેહ,

વિદ્યામા વખણાએ તેહ. આવો બેનો. ૫
ધોરણસર 'પાસ' થશે બેની,
ગાશે લોક વાહવા તો તેની. આવો બેનો. ૬

કેળવણી તરફ વળણ.

(રાગ ખાયણાંનો)

સર્વ બાળકી કેરો રૂડો સંગ,
વિદ્યા ભણોને ઉમંગરે બાળા સાથમા. ૧
વિદ્યા ઉમંગે શીખશો તમો જ્યારે,
લાભજ પામશો ત્યારેરે બાળા સાથમાં. ૨
જે હોંસેથી શીખશે ઝાઝુ દા'ડી,
ઇનામ મળશે અગાડીરે બાળા સાથમાં. ૩
કામજ લાગે સારા સારાં ઈનામો,
મળશે શોભા નામો રે, બાળા સાથમા. ૪
સારા બોધક પુસ્તક મળશે બાળા,
બોધ લીઓ જઇ રૂપાળારે, બાળા સાથમાં. ૫
ભણવાથી તો લાભજ મળશે તુર્ત,
શીખોને શીવણ ભર્તરે, બાળા સાથમાં. ૬
માટે શીવણ ભરત ભરોને પ્યારે,
મળશે જય પરીક્ષા જ્યારે રે બાળા સાથમાં. ૭
માટે છોડી સુઘરી સદ્ગુણી થાઓ,
ગીત તો રૂડાં ગાઓરે, બાળા સાથમા. ૮
શાળામાં તો રોજ હાજર રહિયે,
ખામી ન આવવા દઇએરે, બાળા સાથમાં. ૯

એથી સારૂ તમારૂ થાશે કન્યા,
જાળવજો આમન્યા રે, બાળા સાથમા. ૧૦

બાળકીઓનો અભ્યાસ.

(રાગ ખાંયણાનો)

ઓછામા ઓછુ કેટલું શિખીએ એનો
લાભજ કરતા તેતો રે—બાળકીઓ સહુ. ૧
ભણતર ભણો ભવિષ્યના હિત માટ,
થાજો પરગજુ સહુ સાથરે—બાળકીઓ સહુ. ૨
લખવા વાંચવા તણુ રૂડુ જ્ઞાન
મેળવજો બહુ ધ્યાનરે—બાળકીઓ સહુ. ૩
વય મોટાએ લખી વાંચી જાણો,
આનંદ ઉર પ્રમાણોરે—બાળકીઓ સહુ. ૪
શબ્દ જ્ઞાન તો કરો પ્રીતે પાકુ,
ના રહે કાંઇ કાચુ રે—બાળકીઓ સહુ. ૫
થોડુ થોડુ હીસાબી તો કામ
શીખોને બાળા તમામ રે—બાળકીઓ સહુ. ૬
સરવાળા બાદબાકી ને ગુણાકાર,
શીખો લેખા ભાગાકાર રે—બાળકીઓ સહુ. ૭
ચાળીઆ સુધીના શીખો પાકા આંક
શીખે ગણિતમા ન વાંક રે—બાળકીઓ સહુ. ૮
ભવિષ્યે હિતના બીજા શા શાં કામ,
ગીતો શીખોને તમામ રે—બાળકીઓ સહુ. ૯
શિવણ ભરત ચિત્ર શીખો ને ભાવ,

ભવિષ્યે રૂડો લ્હાવ રે—બાળકીઓ સહુ. ૧૦
રસોઇ બેનો કરતા શીખો રૂડી
શિક્ષા એ છે જરૂરી રે—બાળકીઓ સહુ. ૧૧

બીજા ધોરણના અભ્યાસ બદલ શિક્ષણ બોધ.

(ગરબો.)

"રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો"—એ રાહ.

હવે બીજું ધોરણ શીખો બાઇ,
કહુ વિગત હુ તેની ગાઈ. ૧
પા અર્ધા પોણાદી આંક ગણો,
દશ હજાર સુધી પરિમાણ ભણો. ૨
શિખો સર્વાળા ને વળિ બાદબાકી,
સ્હેલા લેખાંની રીત શિખો પાકી. ૩
સાર સાથે શિખો પોથી બીજી,
શુદ્ધ વાંચો લખો બેની રીઝી. ૪
ગિત રૂડી રીતે પ્રોતે ગાજો,
તમે વાંચતા લેશ ન અચકાજો. ૫
જીલ્લા તણા નકશા ચિન્તે રાખો,
નદિ ગામ પર્વત સર્વે દાખો. ૬
ચાર દિશા ખુણાઓ દેખડાવો,
મા બાપ મે'તાજીને મન ભાવો. ૭
દોરો ભરો શિવણમાં તમ હાથે,
ગુથો મોજા ગળપટા સખી સાથે. ૮
કોર ઓટો સફાઇ સુંદરતાથી,

દશ દિશાઓ.

(ગરબો.)

"રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો."—એ રાહ.

દશ દિશાનુ જ્ઞાન લહો બેની,
કહું થોડી હકીકત હુ તેની. દશ દિશાનુ (ટેક)
ઉત્તર દક્ષિણ ને પૂરવ ભણિયે,
આથમણી તે પશ્ચિમ ગણિયે,—દશ. ૧
એ રિતે દિશાઓ ચારજ છે,
હવે સુણો ખુણા નિર્ધારજ છે,—દશ. ૨
અગ્નિ ઈશાન ને વાયવ્ય ખુણો,
ચોથો તે નિશ્ચે નૈરૂત્ય સુણો.—દશ. ૩
ખુણા સાથે ગણો દિશા આઠે,
તે કરો મુખે બોલી પાઠે,—દશ. ૪
ગોળ પૃથવિ તે દીશા નવમી,
તેમ આકાશ તે જાણો દશમી,—દશ. ૫
ઉગે સુરજ પૂરવ સહુ જાણે,
આથમે તે પશ્ચિમ પરમાણે,—દશ. ૬
ઉભા રહો દિશા પૂરવ સામે,
ડાબા હાથ તે તો ઉત્તર નામે,—દશ. ૭
જમણા તે હાથે દક્ષિણ ભણો,
હવે ખુણા સમજવા યોગ્ય ગણો,—દશ. ૮
દક્ષિણ ને પૂર્વ વચ્ચે અગની,

દક્ષિણ પશ્ચિમમાં નૈરૂત્ય ભગની,—દશ. ૯
ઉત્તર પૂર્વ વચ્ચે ઇશાન ખુણો,
ઉત્તર પશ્ચિમમાં વાયવ્ય ભણો,—દશ. ૧૦
નકશાના ખુણા પણ એમ સમજો,
હવે દિશા નકશાની ઉર ધરજો.—દશ. ૧૧
નકશાની ભણી મુખડાં સામે,
પે'લી દિશા તે તો ઉત્તર નામે,—દશ. ૧૨
દિશા પગ પાસે દક્ષિણ બીજી,
હાથ ડાબા ભણી પશ્ચિમ ત્રીજી,—દશ. ૧૩
આવે પૂર્વ દિશા જમણે હાથે
એમ ભણો સહુ સજની સાથે,—દશ. ૧૪

પૃથ્વીના રાજકીય ભાગો.

(ગરબો.)

"રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો."—એ રાહ.

થોડા નાનાં ઘરો તેતો ગામ, ઘણાં ગામો તે તાલુકા નામ. ૧
મોટા મોટા ઉજળિયાતનાં ગામો, તેને કથે સહુ કસબા નામો. ૨
હારબંધ ઉંચા બહુ ઘર શોભે, તે તો શ્હેર તેથી જન મન લોભે. ૩
જ્યાં આગબોટો વા'ણો આવે, માલ લાવે અને વળી લઇ જાવે. ૪
એવા નદી અને દરિયા તીરે, એની બંદર તે ભણજો ધીરે. ૫
જીલ્લા તાલુકાઓ મળતાં થાય, જીલ્લા મળીને પ્રાંતજ કે'વાય. ૬
ઇલાકા ઘણા પ્રાંતે થાયે, તેમજ પ્રાંતોને દેશજ ઉચરાએ. ૭
ઘણા દેશો મળે ખંડજ કહીએ, આપણે આ એશિયા ખંડ રહિયે. ૮
ઘણા ખંડો છે પૃથ્વીને અંગે, શીખો સહુ તે સાહેલી સંગે. ૯

ભૂગોળની વ્યાખ્યા

(રાગ ખાયણાનો.)

જમીનના તો જે છે મોટા ભાગ
જેમા દેશ વિભાગ કે **ખંડ** તે સમજીએ. ૧
જમિનની તો જે અણિ લાંબી થએલી,
હોય સમુદ્રે ગયેલી તે **ભૂશિર** ભાખિયે. ૨
ચારે બાજુએ વિંટલાયો પાણીથી,
જે ભાગ જમિનનો જાણિરે **બેટ** તે બોલિયે ૩
જમિનનો જે સાકડો કહિયે ભાગ,
સાધે જૂના બે ભાગ **સંયોગી ભૂમિ** ભણો. ૪
ખારા પાણીના ભાગ બન્યા છે પાંચ
જે પૃથ્વીપર સાચ તે **મહાસાગર** કહો. ૫
પહોળાં મોઢા તણો જે અખાત,
ઉપસાગર સમજો સાથ, સહુ વિવેકથી. ૬
પાણી તણા બે મ્હોટા હોએ ભાગ,
જેને જોડે નાના ભૂ ભાગ, **સમુદ્રધુની** થઇ. ૭
જમિનથી વિંટલાયો ભાગ પાણીનો,
સરોવર જાણો એ એધાણી, કે સહિયર સાથજો. ૮
હવે તો સમજો **પ્રદેશ** જળ ક્ષેપ વાત
સમજો ભલેરી ભાત કે શાણી બાળાઓ. ૯
જુદી દિશાઓમાં વહે છે પાણી,
ઉંચી જગે વહેવાની નિશાની કે **જળક્ષેપ** જાણિયે. ૧૦
મીઠા પાણી તણો જે પ્રવાહ,
નીકળે સરોવર માંય કે **નદી** સમજવી. ૧૧

વળી પરવતમાંથી નિકળે પાણી,
મળે સમુદ્રને જાણી કે નદી તેહ છે. ૧૨
ટુકામા આ રીતિ પ્રાતે વિચારી,
ગાઓ એનો સુધારી ચિત્તે ખુશી થઇ. ૧૩

બાળક અવસ્થાનો બોધ.

ગરબો.

" મારી અબા માને પેરણુ સાળુ જો. " એ રાહ.

એનિ સૂર્યોદયની પે'લા જો, નિત્યજ ઊઠિયે વે'લા જો ૧
હાજતથી ફારગ થઇએ જો, પછીથી દાતણ કરીએ જો. ૨
નિત અગ ચોળિને નાહિયે જો, ;કસર ન કરિયે કાઇ જો.* ૩
નિત ધ્યાન હરિનુ ધરિયે જો, અતરથી ન વિસરિયે જો. ૪
ભક્તિના લાભ વખાણો જો, ભાવ પ્રભુમા આણો જો. ૫
પ્રભુ આજ્ઞા કઇ ન ઉથાપો જો, માફી નિત્યે માગો જો. ૬
પાપોથી છેટાં રહિયે જો, જીભે પણ દોષ ન લઇએ જો. ૭
મનથી કબૂલાતો કરવી જો, નીતિ નવ વીસરવી જો. ૯
અતે એથી જય થાશે જો, બ્રિજવલ્લભ ગુણ ગાશે જો. ૮

બાળવયની સંભાળ.

(ગરબો)

" રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો "—એ રાહ.

બાળ વયે તો બાળા અણસમજૂ. તેને સુધારવા થાઓ પરગજૂ. ૧
અગ વસ્ત્ર તેનાં ચોખ્ખાં રાખો, બોલ બોલાવજો મીઠા દ્રાખો. ૨

* અહિ પાણીથી ઠીક ચોળવાની કસર ખામી ન રાખવી.

ત્રણુ વર્ષની થાય બાળા જ્યારે, વસ્ત્ર કરે નહિ અળગું ત્યારે ૩
મિતાહારે નિરોગી અંગ રહે, એ રૂડા નિયમ સહુ બેનિ લહે. ૪
આજ્ઞાનુ ઉલ્લંઘન નહિજ કરે, આંખ ફેરવતાં તો બહુજ ડરે ૫
શિખવોને રીતો એવી રૂડી, લાજ વિનાની તે કામિની કુડી. ૬
પાંચ વર્ષે પુત્રિને થાય જ્યારે, મોકલો ને નિશાળ વિષે ત્યારે. ૭
લખતાં વાંચતાં આવડે જ્યારે, પોથિ નીતિની શીખવજો ત્યારે ૮
ભણી ગણી સુ રીતે ચાલે રે, થાય ભણ્યુ સફળ તે કાળે રે. ૯

નિશાળે-જતી-થતાં કરવાના કામો વિશે

સામાન્ય શિખામણ.

(ગરબો.)

" મારી વાલી બેન છે બહુ છોટી જો "—એ રાહ.

બેનિ નિત્ય નિશાળે જઈએ જો, રીતો રૂડી લઈએ જો. ૧
ઘરકાજ વિષે ચિત ધરીએ જો, 'લેશન' નવ વિસરીએ જો. ૨
ગજા માફક કામો કરતાં જો, માબાપનાં મન ઠરતાં જો. ૩
પાણી પીવાનું ગાળિયે જો, કચરો પુંજો વાળિયે જો. ૪
ખાંડતાં દળતાં ઝાટકતાં જો, શરમાઇને ન અટકતાં જો. ૫
રૂડિ રસોઇમાં મન દેવુ જો,* કાંઇ પડે નવ કે'વું જો. ૬
ઘર રાચ રચી શોભાવો જો, તો સહુજનને ભાવો જો. ૭
તેમ ઉપજ ખરચ પણુ જાણો જો, સંતોષે સુખ માણો જો. ૮
શીખ્યું તે આવે કામે જો, સાસરિયે પરગામે જો. ૯
ભણિને ઉપયોગી થાવું જો, ગુણિજનમાં પંકાવું જો. ૧૦

---

* કાંઇ ઠપકો આપવો ન પડે તેવી રીતે રસોઈ બનાવો

ત્રીજા ધોરણના અભ્યાસ બદલ શિક્ષણ બોધ.

(ગરબો. ૧)

(રાગ ઉપરનો.—)

કરો ત્રિજારે ધોરણનો અભ્યાસ, ધરી ઉરે સાહેલીઓ ઉલ્લાસ. ૧
તોલ માપ નાણુંની ધાત ભણો, તેના સ્હેલા સવાલો સર્વ ગણો ૨
પછી શિખો સર્વાળા બાદબાકી, ગણો રીત ગુણાકારની પાકી. ૩
ભાવે શિખો બાંજણી ભાગાકાર, જેથી ચાલે રૂડો સહુ વે'વાર. ૪
સમજીને શિખો વાંચન ત્રીજી, શુધ્ધ લિટિ લખો મનથી રીજી. ૫
રૂડિ ગરબિ ગાઓ સારા રાગે, લખો 'કૉપિ' નંબર ત્રણની આગે. ૬
વળિ શિખોને નકશો ગુજરાતજ, શિશ ભાગો બતાવો ભલિ ભાતજ. ૭
કુવિ વહે નદી પર્વત સુખથી તેને તટે જુઓ ગામો સુખથી. ૮
પછી શિવણુ શરૂ કરજો બેની, કહું થોડી હકિકત હું તેની. ૯
ઓટો સહાઇથી સાંધા સર્વે, ઝિણા બખિયા ભરો કળથી હળવે. ૧૦
એમ શિખો પ્રથમ ભરતાં સ્હેલું, નહિ ડરો કઠણુ સરવે પે'લું. ૧૧

વિદ્યાથી થતા લાભ.

(ગરબો.)

" પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને "—એ રાહ.

થાય છે થાય છે થાય છે રે,' બહુ લાભ ભણ્યાથી થાય છે,
ગાય છે ગાય છે ગાય છે રે,' વિદ્યાના ગુણ સહુ ગાય છે. (ટેક.)
બાળકને બાલકિયો કેરૂં,
એમાં હિત સમાય છે રે—બહુ લાભ. ૧
વિદ્યા વિના તે બુધ્ધિજ શાની,
એનો* જનમ ફોગટ જાય છે રે—બહુ લાભ. ૨

* ફોકટ

જ્ઞાન રૂપી રૂડાં શસ્ત્રોથી,
દુઃખ નિવારણ થાય છે રે,—બહુ લાભ. ૩
સ્વામીની ને સગાં જનોની,
સેવા શુધ્ધ કરાય છે રે,—બહુ લાભ. ૪
વળિ પ્રસન્ન મન સહુનાં રાખી,
ભાવે ઇશ્વ ભજાય છે રે,—બહુ લાભ. ૫

પરમેશ્વરનો ઉપકાર

(પદ)

" હરિ ભજન વિના, દુખ દરિયા સસારનો "—એ રાહ
પરમેશ્વર પ્રભુ, ઉપકારો તારા તો અપરંપાર છે, (ટેક)
અહો જગકર્તા તુ એકજ છે, તારા કામો તો અનેકજ છે;
બહુ બનાવમાંહિ વિવેકજ છે.—પરમેશ પ્રભુ. ૧
આ મોહરૂપ સંસાર દીસે, જળ સ્થળ ડુંગર છે તેહ વિષે;
જન જાણિ શકે ન હજાર હિસે,—પરમેશ પ્રભુ. ૨
રવિ શશિ તારા ઉત્પન્ન કીધાં, જ્ઞાન ગુણ અધિક જનને દીધાં;
એવાં કામ ઘણાં પ્રભુ તેં કીધાં—પરમેશ પ્રભુ. ૩
પ્રભુ ! કષ્ટ અમારાં કાપોને, ક્લેશો કાઢી સુખ સ્થાપોને;
શુભ ભક્તિ તમારી આપોને,—પરમેશ પ્રભુ. ૪

ચોથા ધોરણના અભ્યાસ બદલ શિક્ષણ બોધ.

(ગરબો.)

" મચકો મચકો કારેલી "—એ રાહ.

સૌ શાણી સહિયર સાથે રે, શીખો વિદ્યા મંદિરમાં.

કરો રીત ગણિતની હાથે રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૧
દેશી રીતે સર્વાળા રે, શીખો વિદ્યા મંદિરમાં
બાદબાકી ગણજો બાળા રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૨
શુભ ત્રિરાશી પદ પાડી રે, શીખો વિદ્યા મંદિરમાં.
આવે એ કામ અગાડી રે, પ્રીતે વિદ્યા મંદિરમાં, ૩
મણ શેરનાં લેખાં ગણજો રે, શીખો વિદ્યા મંદિરમાં.
તોલા ગજના પણ ભણજો રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૪
સાદા અંકોનાં લેખાં રે, શીખો વિદ્યા મંદિરમાં,
આવડતાં જન મન હરખ્યાં રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૫
બાળબોધ લિપિ ગુજરાતી રે, શીખો વિદ્યા મંદિરમાં,
લખો લીટી શુધ્ધ હરખાતી રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૬
'કૉપી'થી અક્ષર સુધરે રે, શીખો વિદ્યા મંદિરમાં.
મોતી જેવા જન ઉચરે રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૭
નકશે મુબઇ ઇલાકો રે, શીખો વિદ્યા મંદિરમાં,
નદિ શ્હેરો સર્વ વિલોકો રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૮
ગુજરાતે રજપુત રાજા રે, શીખો વિદ્યા મંદિરમાં,
ઇતિહાસે જાણે તાજા રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૯
શીવણનું શિક્ષણ જાણો રે, શીખો વિદ્યા મંદિરમાં.
કોર થિગડાં ભરી પ્રમાણો રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૧૦
ભરવા સુંદર ઝીનારી રે, શીખો વિદ્યા મંદિરમાં,
બખિયા ભરજો સુ વિચારી રે, પ્રીતે વિદ્યા મંદિરમાં. ૧૧

ઘરનો હિસાબ રાખવા વિષે.

(ગરબો.)

"રૂડો રૂડો મુલક ગુજરાત રૂડો."—એ રાહ.

ઘર વિષે વડીલ તો જે કહાવે, તેઓ હિસાબ તો રાખો ભાવે. ૧
પ્રથમ લખો તિથિ વાર દિન દા'ડો, જમે ઉધારનાં પેટાં પાડો. ૨
જે આવે તે જમે પાસે લખો, ને ખર્ચાય તે ઉધારતાં શીખો. ૩
જમા બાજુ તો છે ડાબા હાથે, તેમ ઉધાર છે જમણા પાસે. ૪
રાખે હિસાબ તો સહુ ખબર પડે, નવ પડે તંગિ નવ વિઘ્ન નડે. ૫
કરકશર અને ડા'પણ સૂઝે, જે હિસાબ રાખે તે સમજે. ૬

દેશીઓને વિનતી

(ધોળ)

"જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે"—એ રાહ.

અહો સ્વદેશી, બધુઓ, ઉરે બોધ એ ધારો.
થાય સુખી દેશ શી રીતે, એજ ચિન્તે વિચારો. અહો સ્વદેશી. ૧
વ્હેમ રૂપી કાંટાતણાં, ઉંડા મૂળને કાપો,
દેશી વેપાર ઉદ્યોગને, યોગ્ય સા'યતા આપો. અહો સ્વદેશી. ૨
એક મતે સહુ થઇ કરી, ડુબતો દેશ તારો,
મિથ્યા વિવાદ મૂકી દઇ, કરો યોગ્ય સુધારો. અહો સ્વદેશી. ૩
ઉદ્યોગથી ઉલટા જઇ, કંઇ અવળું આચરશો,
તો ગેરલાભ ઘણા થશે, માટે તેમ ન કરશો. અહો સ્વદેશી ૪
જ્ઞાનરૂપી દીવા વડે, ટાળો ઉર અંધારૂં,
શોધ કરો ખરાં સુખની, થાય સર્વનું સારૂં. અહો સ્વદેશી. ૫
વિદ્યા સાધન વણ વિશ્વમાં, રવડે નર નારો,
વે'મ અને અજ્ઞાનમાં, કદિ આવે ન આરો. અહો સ્વદેશી. ૬
સરસ્વતીને સેવતાં, થાય સંસાર સારો,
નર ને નારીનું એ નૂર છે, કેમ તે ન વિચારો. અહો સ્વદેશી. ૭

કન્યા કેળવણી વાધતાં, દેશ ચ્હડતીમાં આવે,
માટે કરો સહુ યત્ન તે, બ્રિજવલ્લભ ભાવે. અહો સ્વદેશી. ૮

શીવણ કામ શીખવા વિષે.

(ગરબી)

"સારૂ સારૂં રે સુરત શહેર, મુંબઇ અલબેલી"—એ રાહ.

આવો આવો ને બેની આજ, શીવણ કાજ કરો;
લઇ જાતે સઘળો સાજ, શીવણુ કાજ કરો; (ટેક.)
કપડાં ચોળિ ને બડિ શીવો, કરો બટનના ગાજરે,
બદન ટોપીને કબજા શીવો, ઘરનાં પરનાં કાજ શીવણુ કાજ કરો. ૧
પહેલાં તો વેતરતાં શીખો, શીવણમાં નિર્ધારરે;
બધ બેસતાં રૂડાં લુગડાં, શરીરનો શ્રણગાર. શીવણુ કાજ કરો. ૨
દોરો ભરવો ઓટવિ કોરો, સાધા ઓટો બાઇરે,
ઘર ધધો એ છે ગુણકારી, શિવણની ચતુરાઇ. શીવણુ કાજ કરો. ૩
સફાઇથી એ કામો કરવાં, આપી પૂરણ ધ્યાનરે,
બારીકીથી ભરવા બખિયા, એમા મોટું માન. શીવણુ કાજ કરો. ૪
ફાટાં તૂટાં સાંધી પેરો તો ઘરમાં ગુણ થાયરે;
ગરીબ ઘરને મદદ મળે છે, જાણી એ મનમાં માય. શીવણુ કાજ કરો ૫
પે'લી તો વેતરણ તણી છે બાળા ! બહુ જરૂર રે,
ભરત ચિત્ર ચતુરાઇ ચતુરા, જાણી નિર્મળ નૂર. શીવણુ કાજ કરો. ૬
સોય દોરો કપડું ગજ કાતર, શીવણનો સામાનરે;
નવા શિવણના સંચા ઉંચા, તેપર આપો ધ્યાન. શીવણુ કાજ કરો. ૭

૧૯

ભરત કામ કરવા વિષે
(ગોળ)

"રામ લક્ષ્મણ વનમાં સિધાવતાં"—એ રાહ

એની ભરત ભરો રૂડી રીતથી.
જે જોતાંજ દિલ ખુશ થાય, હરખ નવ માય, ભરત ભરો ભાવથી. (ટેક) ૧
બહુ જાતનાં ઉન તો નીપજે,
જુઓ જુજવા જુજવા રંગ, આણીને ઉમંગ, ભરત ભરો ભાવથી ૨
કેનવાસની જાળી સોહામણી,
જે જોતાંજ મન હરખાય, ધન્ય કહેવાય, ભરત ભરો ભાવથી ૩
સોયા દાંત લોખંડના શોભતા.
કળદાર અને વળદાર, આણીને પ્યાર, ભરત ભરો ભાવથી. ૪
સાધન ભરતતણાં એવાં ઓપતા,
લઇ શીખો પ્રથમ એક દાણો, જરૂર પિછાણો, ભરત ભરો ભાવથી ૫
દાણા ગણિ આકાર ભરાય છે,
માટે શીખો દાણો તે પાકો, બાકી નવ રાખો, ભરત ભરો ભાવથી. ૬
ભરત ભરીએ નમુના જોઇને,
દાણા ગણિ ગણિં આકૃતિ બાળ, પછી તતકાળ, ભરત ભરો ભાવથી ૭
પછી દોર અને ભરો કાંગરી,
પછી શીખો રૂડેરી લ્હેર, બાળા શુભ પેર, ભરત ભરો ભાવથી. ૮
જેથી ભૂલ ભરતમાં આવે નહિં,
જેથી મહેનત જાય ન વ્યર્થ, સરે શુભ અર્થ, ભરત ભરો ભાવથી. ૯
ભરત કપડાં ઊપર ઊતારવા,
મૂકી કપડાં ઉપર કેનવાસ, મોઢિયાં ભરો ખાસ, ભરત ભરો ભાવથી ૧૦
જ્યારે એટલું આબાદ આવડે,

બાદ કહિયે કેનવાસના તાર,કાઢી નાંખો બ્હાર ભરત ભરો ભાવથી. ૧૧
એમ કપડાં ઉપર નમૂના પડે.
એવા ભરજો નમૂના અનેક, રાખી મન છેક, ભરત ભરો ભાવથી. ૧૨
ભરો બૂટ સપાટ ને ટોપીઓ,
ખાના ચમચીના ભરો સચિત્ર, બાળાઓ વિચિત્ર, ભરત ભરો ભાવથી ૧૩
ભરત ભરજો બાળા બહુ કામનુ,
ભરો બાદલને વળ કોર, શોભીતા મોર, ભરત ભરો ભાવથી ૧૪
ભરત માંહે પ્રાણીઓ આળેખજો,
બેશ બગલાં પોપટ મેના, બહુજ મજેનાં, ભરત ભરો ભાવથી. ૧૫
ઉતારો કાગ ચકલી પોપટ રૂડા,
વળિ આળેખો[1] ગભીર હાથી, બેનીઓ ત્વરાથી,-ભરત ભરો ભાવથી ૧૬
ભરો પ્રાણિ વળી ભાતભાતનાં,
નમુનાઓનો તો નહિ પાર, વિવિધ પ્રકાર,-ભરત ભરો ભાવથી. ૧૭
સ્વર વ્યંજન હરફ ભરો વળી,
ઉતારોને બાળા કોઇ કોઇ, નમૂના જોઇ,-ભરત ભરો ભાવથી. ૧૮
ચ પો મોગરો જુઇ જાઇ કેતકી,
ભરો ફૂલ ગુલાબનાં સાથ, રૂપાળે હાથ-ભરત ભરો ભાવથી. ૧૯

સતીના ગુણો વિષે.

(ધોળ)

પ્રેમે વર્ણું સતીનાં ચરિત્રરે, શાણી બાળા તે સુણજો પવિત્રરે;
ઉરે રાખો તમે શુભ ધ્યાન, જાયે અજ્ઞાન,—સતી ગુણ સાંભળો. ૧
સતી સીતા થઇ ઘણી સારીરે, જેણે વિશ્વમાં કીર્તિ વધારીરે;
પતિ સાથે કર્યો વનવાસ, ધરીને ઉલ્લાસ,—સતી ગુણ સાંભળો. ૨

---

૧ ચીતરો અથવા ભરો.

સતી પારવતી મહા દેવીરે, પતિ ભક્તિ એની જોઇ લેવીરે,
પુણ્યશાળી એ તો કહેવાય. કુલિન કન્યાય,—સતી ગુણ સાંભળો. ૩
સ્તુતિ શું કરૂં સાવિત્રી માતની, એણે ઉજાળી કીર્તિ તાતની;
સત્યવાનની પત્નિ સુહાય, આખ્યાન વચાય,—સતી ગુણ સાંભળો. ૪
દેવહૂતિ સતી દેવયાનીરે, નથી વિખ્યાતિ એની છાનીરે;
તેના સદ્ગુણ લઇએ સદાય, જ્ઞાની ગુણ ગાય—સતી ગુણ સાંભળો ૫
દમયતી સતી થઇ છે છતી, × નળ નાથમાં અચળ રતી વતી,
એવી ઉત્તમ ભક્તિ લેવી, સેવી વિદ્યા દેવી,—સતી ગુણ સાંભળો. ૬
અહલ્યા તારા ને ઇંદ્રાણીરે, વખણાણી અરૂંધતી શાણીરે;
પદ્મા પ્રભાવતી ને મીરાં, થાજો એવાં ધીરાં—સતી ગુણ સાંભળો. ૭
તારામતિ સુભદ્રા નારીરે, અનસૂયા ગુણમા સારીરે,
લોપામુદ્રા ગાર્ગી ને ગાંધારી, ચરિત્ર વિચારી—સતી ગુણ સાંભળો. ૮
રેણુકા રેવતી સતી રૂપારે, સતી રૂક્ષ્મણિ અતિ અનૂપારે,
જેનાં નામ પ્રભાતમાં લેતાં, દિવસ સુખે રે'તાં—સતી ગુણ સાંભળો ૯
મંદોદરી સતી પણ સારીરે, રાજા રાવણની એ નારીરે,
સ્વાહા શુધ્ય શકુંતલા તેવાં, લીલાવતી જેવાં—સતી ગુણ સાંભળો. ૧૦

સાસરે જતી છોડીને શીખામણ.

(ગરબી.)

"અમે ઇશ્વર માગિયે એટલું"—એ રાહ.

બેની સાસરામાં સુખ પામવા, દીલ ડા'પણ રાખો હમેશ,
કુલન સહુ કામની. (ટેક)
સ્વામિ સાસુ અને સસરાતણું, દૂભશો નહિ દીલકું લેશ.—કુલિન. ૧
કુળવંત કુલીનતા રાખજો, જે છે સન્નારીનો શણગાર.—કુલિન.
ઘર કાજમાં કાળજી રાખજો, તેમ શોભાવજો વહેવાર.—કુલિન. ૨

× નળમાં અતિ પ્રીતિવાળી.

સ્થિતિ સુખ દુઃખમાં જે સાંપડે, લેશ તેમાં ન ઓછું ધરીશ.—કુલિન.
દ્વેષ દુઃખ કદાપિ ન આણવુ, ધર્મ નીતિ રીતિ ન તજીશ.—કુલિન. ૩
માન વડિલ તણું તું વધારજે, તારો દીપાવજે તુ સ્વભાવ.—કુલિન.
કોઇ કઠણુ કહે વેણુ સૂણુજે, પણ કરતી નહિ એખનાવ.—કુલિન. ૪
સહૂ સાથેજ બોલતાંચાલતાં, પિયર જેવી લેવી નહિ છૂટ.—કુલિન.
અંગ આળશ લેશ ન રાખવુ, મિથ્યા કરવી ન માથાકૂટ.—કુલિન. ૫
આદરભાવ અતિથીને આપજે, ભામિનીનું ભૂષણુ ન ભૂલીશ—કુલિન.
પુણ્યકાજમાં પ્રીતિ તુ રાખજે, વખતે વધતુ ન વદીશ.—કુલિન. ૬
પ્રાણુ તુલ્ય શીયળ તુ સભાળજે, સદાચાર તુ રાખજે શુધ્ધ—કુલિન.
જેથી જગત્ નિયતા રીઝશે, માટે અજ્ઞાન અબુધ્ધ.— કુલિન. ૭
ગુપ્ત જાણવા ખત ન રાખવી, કોઇ પુછે ન કે'વુ ખચીત.—કુલિન.
દુષ્ટ જોઇને દૂર ખસી જવુ, જેથી જળવાય આપણુ હીત—કુલિન. ૮
દાત વડિલ સામે નવ કાઢવા, અન્ય મૂર્ખતાને ન હસીસ.—કુલન.
આવડે તો સદુપદેશ આપજે, પણ મનમાં તેથી ન ફૂલીશ.—કુલિન. ૯
હસે તેહ લોકો હલકાં પડે, માટે તેવી તજી દેજો ટેવ.—કુલિન.
ધણી શિક્ષા ધરણીના કામની, પણ ટુંકામાં કહિ તતખેવ.—કુલિન.૧૦

કન્યાઓને સામાન્ય બોધ.
(પદ–ગરબો.)

"શ્યામ રંગ સમિપે ન જાવુ, સખી આજ,"—એ રાહ.
સાંભળો બોધ સુખદાય, સહુ બેનિઓ સાંભળો બોધ સુખદાય. (ટેક)
નિત્ય પ્રભાતે વે'લા ઉઠિયે, જેથી આળસ અંગ જાય, સહુ બેનિઓ. ૧
ઇશ્વરનુ નામ દઇ ધ્યાન ધરિયે, જે છે જગતનો રાય, સહુ બેનીઓ. ૨
દાંત મુખ સાફ કરિ નિર્મળ થાવુ, પ્રસન્ન મન તો થાય, સહુ બેનિઓ. ૩
દરેક કામ ખંત રાખિને કરિયે, જેની જરૂર જણાય, સહુ બેનીઓ. ૪

કેશપાસ ઓળિ રાખો મસ્તક રૂપાળુ, શુધ્ધ ધુપેલ સુહાય,–
સહુ બેનિઓ. ૫
નાહી ફરિ ઇષ્ટ દેવ સમરિયે, કષ્ટ જેથી દુર જાય, સહુ બેનિઓ. ૬
કુકુમનો નિત્ય ચાંદલો કરવો, સૌભાગ્ય ચિન્હ ગણાય, સહુ બેનિઓ. ૭
લાગે રૂપાળુ મુખ રૂચે સહુને, સારાં શુકન શોભાય, સહુ બેનિઓ. ૮
ફાટાં સાંધી તેમ મેલા ધોઇને, વસ્ત્ર ધરો અગમાય, સહુ બેનિઓ. ૯
સાંધતાંય શીખવુ ને રાંધતાંય શીખવુ, સોવુ ઝાટકવુ સદાય,–
સહુ બેનિઓ. ૧૦
તન ને મનની રાખો ચોખ્ખાઇ, જેથી જગત જય થાય,–
સહુ બેનિઓ. ૧૧
આપેલો અભ્યાસ ખંતથી કરવો, વે'લા પ્રભાતની માંય,–
સહુ બેનિઓ. ૧૨
ઘર કામ તો ઘરમાંથીજ શીખી, માતને આપો સહાય. સહુ બેનિઓ. ૧૩
પિયરમાં કામ ખંતથી કરીએ, સાસરિયે માન તો પમાય,–
સહુ બેનિઓ ૧૪
નિશાળે ભણુવા ભાવથી જઇએ, માની ગુરૂની આજ્ઞાય, સહુ બેનિઓ. ૧૫
માબાપને ન પજવશો કયારે, સામાં થશો ન કદાય, સહુ બેનિઓ. ૧૬
ભણી વિવેકી ને ડાહ્યાં થાજો, દુનિયાં તો ગુણ ગાય, સહુ બેનિઓ. ૧૭

સાસરે સારી રીતે રહેવા વિષે.

"રઘુપતિ રામ હ્રદેમાં રહેજોરે"—એ રાહ.

વસો સદા સાસરે સાહેલી રે, ભલા ભાવથકી મન ભેળી. વસો. (ટેક)
વધુ ધર્મ તમારો બજાવો રે, કરો બહુ પણ કંઇ ન સુણાવો રે;
લહો લાયક સુખનો લ્હાવો, વસો સદા. ૧
સાસુ સસરા ને જેઠ જેઠાણી રે, બીજાં વડિલ, નણુદી દેરાણી રે;

નમ્ર ભાવે રહો હેત તાણી, વસો સદા. ૨
ઘર કાજ કળા વણુ કરીએ રે, દૂર કકાસ ક્લેશથી રહિયે રે;
ભરતારનો પ્યાર મેળવિયે વસો સદા. ૩
ઘેર સગાં સબંધી આવે રે, તેને આનંદ આપવું ભાવે રે;
સદા બોલવુ શાંત સ્વભાવે, વસો સદા. ૪
વાંકું બોલવું કે નવ સુણવુ રે, મળે અવકાશ ભણવું ગણવુ રે;
રૂડું વાવવુ કે તેવું લણવુ,* વસો સદા. ૫

કુથલીનો કુચાલ છોડવા વિષે.

(ગરબો.)

"હાંરે નામ બાળલગનનું બાળો"—એ રાહ.

છોડો છોડો છોડો રે, ચાલ કુથલિ કુચાલનો છોડો,—(ટેક)
હુ મ્હારા અનુભવથી કહુ છું, જ્યાં મળે સૈયર જોડો રે,—બેની. ૧
ગામ ઘરની નિંદાની વાતો, ટેવ એવી તરછોડો રે,—બેની. ૨
હસતા ખસતા ઘણાં થયાં છે, એ છે ખરાબ ખોડો રે,—બેની. ૩
એવિ ટેવે અતિ હલકાં પડિયે, ભાર ઘટે નહિ થોડો રે,—બેની. ૪
નિર્લજ ગીતો કદી ન ગાઓ, અમથાં કયાંય ન દોડો રે,—બેની. ૫
હદ કરતાં એ હલકો અવગુણ, એવા તે શા કોડો રે,—બેની. ૬
રૂઢિ સુધારો રૂડી રીતેથી, આળસ સઘળું મોડો રે,—બેની. ૭

લગ્ન થયા પછીની ફરજ વિષે.

(થાળ)

"વ્રત રહિયેરે એકાદશી, જળી જમુનામાં"—એ રાહ.

---

* લણવુ=કાપવું.

લગ્ન પછી સહુ બેનિઓ, લજ્જા રાખો વિશેષે,
થોડું હસવું થોડું બોલવું, થઇ સંસારી વેષે.—લગ્ન પછી. ૧
એકાંતમાં પર પુરૂષની સાથ વાત ન કરવી;
શરીર અને વસ્ત્રો તણી, શુભ સંભાળ ધરવી.—લગ્ન પછી. ૨
કપાળે તો કંકુ તણો, રૂડો ચાંલ્લોજ કરિયે;
ઘર વરમાં મન રાખીને, લેશ નવરાં ન રહિયે.—લગ્ન પછી. ૩
દિવસે લેશ ન ઉંઘશો, ઉઠો વ્હાણામાં વ'લા,
કામ સફળ સઘળાં થશે, કેવાશો ઊજમાળા.—લગ્ન પછી. ૪
રીશનાં મૂળ વિસારીને, આડી નજરે ન ભાળો,
હાસ્ય કોઇનું ના કરો, તોછડા બોલ ટાળો.—લગ્ન પછી. ૫
બોલજ મેણાં ટુણા તણો, કોઇને નહિ મારો;
ઘર કામથી પરવારીને, ભક્તિ જ્ઞાન વધારો.—લગ્ન પછી ૬
નવરાશનો જો વખત મળે, જવા દેશો ન જરીએ;
નિંદા નકામી વાત કે, કશા ચાળા ન કરીએ;—લગ્ન પછી. ૭

છોડીનો વિવેક.

"આવો હરિ શિવશંકર ભોળા"—એ રાહ.

સુઘડ બાળા સુધ્ધ રીતે ચાલો, સંસારમાં શાંતપણે મ્હાલો;
નિંદા કંકાશનાં મૂળ ટાળો.—સુઘડ બાળા. ૧
ઘેરે જન ઘર પુછતું આવે, સન્માનથી બોલાવવું ભાવે;
ઉતાવળાં થાશો ન શંક આવે,—સુઘડ બાળા. ૨
વડીલનો યોગ્ય આદર કરીએ, નાનાઓને ભ્રાત સમા ગણીએ;
શબ્દો શુધ્ધ મર્યાદના ભણિયે,—સુઘડ બાળા. ૩
કોને કદી તુંકારો ના કરીએ, ‡ વિદ્યા વિણ ગર્વ નકી ધરિયે;
શાંતિથી પ્રતિ ઉત્તર દઇએ,—સુઘડ બાળા. ૪

‡ વિદ્યા વગર અભીમાન પકડાય છે.

સાચા એક ટેકીને શી આંચ, તોપણ દિલ ડરવુ ખરી ખાંત,
પગલું નવ ભરવુ જેમાં ભ્રાંત,—સુઘડ બાળા. ૫
વસ્ત્ર અંગ ઢકાય તેમ સજો, તોછડાઇની ટેવ તો સર્વ તજો,
એમાં માનશો નહિ લેશ મજો,—સુઘડ બાળા. ૬
રૂડા અર્થ રાગનાં ગિત ગાઓ, સુણી હરખે જન સઘળાઓ,
કહે ધન્ય ધન્ય જન ભલાઓ,—સુઘડ બાળા. ૭

કૈસરે હિંદ વિકટોરિયા રાણી.

(ગરબો)

"જ્યારે હું હતુ પશુ અજ્ઞાનરે"—એ રાહ.

પ્રભુ પાસ પડી માગુ એટલુ, આપો પ્રેમથી માગિયે એટલુ,
શાણા રાણી સાહેબનું રાજ, અમર તપો તાજ, આશા પૂરો એટલી. ૧
એ તો દેવી તણો અવતાર છે, એના દેશ ઉપર ઉપકાર છે;
એણે દીનજનોનાં કષ્ટ, કીધાં ઝટ નષ્ટ, આશા પૂરો એટલી. ૨
વ્હેમરૂપી રીપૂને હઠાવવા, એણે સ્થાપિ નિશાળો ભણાવવા,
એની અમર રહેજો કામ, જનો એમ ચ્હાય, આશા પૂરો એટલી ૩
કરો સફળ જીવિત બાળાઓ તણુ, રાજ્ય તપજો અદલ ન્યાયે ઘણું
જયનો ઝુંડો ફરે દિન રાત, હૃદય રળિઆત, આશા પૂરો એટલી. ૪
વૃધ્ધ તોય વિદ્યા એ પોતે ભણે, તમે શુધ્ધ બનો એ સુલક્ષણે,
એના જેવી થશે કોણ માત, જગતમાં વિખ્યાત, આશા પૂરો એટલી. ૫

બાળાઓને ભણવા વિષે.

(ગરબો.)

"ઇતિહાસની આરતી સાહી"—એ રાહ.

જન જૂના વિચારનાં કહે ભણાવવી નહિ છોડી,

દુરાચારિ ભણેથી થાય, હુએ હરિયે હોડી.—૧
ભણવાથી બગડે બાળ, વર્ત્તે સ્વચ્છંદે,
એવું આપ કરી અનુમાન, વિદ્યાને નિંદે.—૨
પણ એ તો એની ભૂલ, છે નહિ કંઇ છોટી;
તેમ વિદ્યાની તો આજ, છેજ જરૂર મોટી.—૩
જેમ અન્ન ને જળની જરૂર, બાળક બાળાને,
તેમ વિદ્યાનો ઉપયોગ, લોકો સઘળાને.—૪
હોય કુસંગનો કંઇ દોષ, તો તે ઝટ ટાળો,
પણ વિદ્યા ઉપર આળ, એવું નવ આલો.—૫

સાસરાં તરફની ફરજ વિષે.

(પરજ.)

"શેઠ સગાળશા સાધુને સેવે"—એ રાહ.

જ્યારે બેની સાસરે જઇયેરે, ત્યારે શીખ્યું સામટી લઇયેરે. (ટેક.)
સ્વામી અને સાસુ સસરાની સેવા કરજો નીત;
વહાલાં થવાનો મોહનમંત્ર એ ચિત્તમાં રાખો ખચીત. જ્યારે બેની.૧
દૈવયોગે કાંઇ દુઃખ પડે તો સાંખજો ધારી ધીર;
ટેક ન મૂકશો લાજ ન લોપશો રાખી ઉર ગંભીર. જ્યારે બેની.૨
લુગડાં લત્તાં ધોએલાં પેહરવાં, રાખવું આનંદી મૂખ;
ઉદ્યોગ માંહી મચ્યાં રહો તો લાગે ન કાંઇ દુઃખ. જ્યારે બેની.૩
કોઇ કહે કદી વાંકું વેણ તે, ઉદાસ આણો ન ઉર;
સત્યને સાહી સુખિયાં રે'શો, રિઝશે ઇશ જરૂર. જ્યારે બેની.૪

સદ્દગુણી સ્ત્રીની સોબત કરિયે, દૂરમતિ કરી દૂર;
પાપી સ્ત્રીઓને પડછાયે પણુ ઉભશો‡ નહિ જરૂર. જ્યારે એની.૬

પાંચમાં ધોરણુ બદલ શિક્ષણુ બોધ.

(ધોળ દેશી.)

"જ્યારે હુ હતુ પશુ અજ્ઞાન રે"—એ રાહ.

ધોરણુ પાંચ શીખો પૂરા ભાવથી, થશે વિજય બુધ્ધિના પ્રભાવથી,
અપૂર્ણાંક શીખો ને સુરીત ગણિત સહીત,—શીખો સદા સ્નેહથી. ૧
ગણો દેશી રીતે ગુણાકાર રે, વળી શીખો ભલા ભાગાકાર રે,
તેમ શીખો લેખાં મણુ શેર, જાણો કુચી પેર,—શીખો સદા સ્નેહથી. ૨
આણુ પાણુ સહીત લેખાં લખો, તોલા ગજના લેખાં તે પછી શીખો,
પોથી પાચમીનુ વાંચન, અને તે લેખન,—શીખો સદા સ્નેહથી. ૩
સાર સમજી વાંચન પૂરૂં કરો, ગીત ગરબાવળીનાં ચિત્તે ધરો,
રૂડા રાગે ગરબાઓ ગાઓ, વચ્ચે ન અચકાઓ,—શીખો સદા સ્નેહથી. ૪
લખો શુધ્ધ લીટીઓનું લેખંન રે, બેઉ લીપીમાં રાખી મંન રે;
'કોપી' લખો નંબર જે પાંચ, વ્યાકરણુ વણુ આંચ,—શીખો સદા. ૫
લઘુ પત્ર લખો પછી પ્રીતથી, કરો રચના સુ શબ્દની રીતથી;
સાથે ભૂગોળનુ લહો જ્ઞાન, રાખી શુભ ધ્યાન,—શીખો સદા સ્નેહથી.૬
સીમા પર્વત નકશે નિહાળજો, વળી નદીઓના ભાગ બતાવજો;
બતાવો મુખ્ય બંદર શહેર, પડે નવ ફેર,—શીખો સદા સ્નેહથી. ૭
શીખો ગુજરાતનો ઇતિહાસ રે, મુસલમાની સુધીનો ખાસ રે;
નીત અંતર આણી ઉલ્લાસ, સુબુધ્ધિ પ્રકાશ—શીખો સદા સ્નેહથી. ૮

‡ઉભા રહેશો.

વસ્ત્ર પે'રીએ જે ભલિ ભાત રે, કરો તૈયાર તે ખરેખાત રે,
સાડી બંડીચણિયાને ચોળી, શિવો ચિત્ત ખોલી—શીખો સદા સ્નેહથી. ૯
સ્હેલુ ભરત ગુંથણ જો આવડે, નિત્ય સંસારમાં સુખ સાંપડે,
વિદ્યાના લાભ એવા અપાર, કહું શું વિસ્તાર,—શીખો સદા સ્નેહથી ૧૦
ભણી ભામિની જગમાં પૂજાય છે, દેવી જેવી મહાન મનાય છે,
ગુણ દ્વિજવલ્લભ શું ગાય, વિદ્યાનો મહિમાય,—શીખો સદા સ્નેહથી. ૧૧

છઠ્ઠા ધોરણ બદલ શિક્ષણ બોધ.

(રાગ હોરી)

"રંગરેજ ચુનર રંગ દે"—વગેરે રાહ.

"બેની કર્યો અભ્યાસ ઠીક કરીને,
પ્હોંચ્યાં છઠ્ઠે ધોરણ ધીર ધરીને.—બ્હેની. (ટેક)
ચક્રવૃદ્ધિ વ્યાજ ને પંચરાશી,
દશાંશ ધોરણ અનુસરીને, હાંહાંરે બેની.
ઘર ખર્ચનું જાણવું દેશી નામું,
ડાંપણ દૃષ્ટિ કરીને, હાંહાંરે બેની. બેની. ૧
ગરબી કવિતા ગાઓ શુભ રાગે,
તાલ રીતિ અનુસરીને, હાંહાંરે બેની.
નિબંધ લખવાની બુદ્ધિ વધારો,
વિચાર શક્તિ વાપરીને, હાંહાંરે બેની. બેની. ૨
હિંદનો ઇતિહાસ જગતની ભૂગોળ,
લક્ષમાં લેજો ફરીને. હાંહાંરે બેની.
સાત પુસ્તકનું જ્ઞાન ન રહેલું,

મળવ્યુ યત્ન કરીને, હાંહાંરે બેની	બેની ૩
શીવણનું કામ કીજે ઉમગે,
દોરા ભરશે વેતરીને, હાંહાંરે બેની.
કામ ભરતનુ બહુ ઉપયોગી,
રીઝશો ભરત ભરીને. હાંહાંરે બેની.	બેની. ૪

સતી સરસ્વતીનો ગરબો.

(ગરબો.)

"સખી સરદ પુનમની રાત કેવી શોભે છે" – એ રાહ.

શ્રી સરસ્વતિ શણગાર, કેવા શોભે છે,
પુત્રિ સાવિત્રિની સુહાય, મન ત્યાં લોભે છે.
એ તો વિદ્યા દેવી આપ, શારદ નામે છે,
એનો જગમાહિ પ્રતાપ, સઘળે ઠામે છે.

(સાખી.)

સનક સનકાદિક તો, ભ્રાત એનાજ ભણાય,
વળી પિતા બ્રહ્મા કને ભણ્યા તે વિદ્યાય.—મહેનત બહુ રૂડી કરી.
નવિ વિદ્યાઓ શોધિ અનેક, મતિ અતિ ચિત્ત ધરી,
સગીત ને શાસ્ત્ર તમામ, કહુ એ વાત ખરી,—શ્રી સરસ્વતી. ૧
ભાષા સહુ ઉત્પન્ન કરી, ધરીને ઉર ઉલ્લાસ,
ભાષણ રૂડાં આપતાં, દેવ સભા વિષે નિરધાર બુધ્ધિનાં તો બળ વડે.
જેનું વર્ણન શું કરૂં આંહિ, એવું કાંઇ ન જડે,
ભવ્ય જ્ઞાનમાં તો ભરપૂર, ગણિતે બહુજ ચડે.—શ્રી સરસ્વતી. ૨
મૂળાક્ષર ને વ્યંજનો, પ્રથમ કાઢ્યા એ માતાય;
સગવડ વાતોની કરી, દૂર દેશાવર માંય. સર્વ વાતે જાણીતાં થયાં.

યોગ્ય વર ના મળ્યો એ માત, તેથી તે કુમારિકા રહ્યાં,
પ્રથમ કાઢી બહુ વિધાય, સકટ તો અંગે સહ્યાં.—શ્રી સરસ્વતી. ૩
પ્રાચિન કાળના માત એ, વર્તમાને પણ પૂજાય,
સરસ્વતી શુભ નામથી, ઓળખાયા જગ મોઝાર માનવત નામ ધર્યું.
ઉપનામ થકી ઓળખાય, શારદા પૂજન કર્યું,
શારદા પૂજા દિવાળિપર થાય, દુનિયાએ નક્કી કર્યું.—શ્રી સરસ્વતી ૪
નવા ચોપડા તો વિષે, પ્રથમ લખાય શારદ માત,
પછી હકીકત બીજીઓ, લખાય છે નિરધાર. સુકીર્તિ એવી છે.
એ તો બીજા નામે ઓળખાય, કહેશા જેવી છે,
નદિ સરસ્વતિમા સુહાય, એવી એ દેવી છે.—શ્રી સરસ્વતી. ૫
સત્ય જ્ઞાનથી મેળવ્યુ, સરસ્વતી મનાય;
એવિ વીર માતા નહિ મળે, જેના આત્મ બળનો નહિપાર.
સતી શુ વર્ણન કરૂ.
જેનો અદ્દભુત છે અવતાર, મુખેથી શું ઉચ્ચરૂ,
એને પ્રીતે લાગી પાય, હ્રદેથી ન વીસરૂ—શ્રી સરસ્વતી ૬

ફટાણાંના કુચાલ વિષે
(હોરી પદ)

"પચરંગી પટકુલ ધારી"—એ રાહ.

ફટાણાની રીત નઠારી, તજો તજોને ઉર વિચારી. (ટેક)
વિવાહ વસંતના રૂડાં સમયમાં, નિર્લજ ગીત લલકારી;
જમાઇ તેમ વે'વાઇ વે'વાણને, હલકા શબ્દો ઉચ્ચારી,
દિપે નહિ સ્ત્રી જાત સારી. તજો તજોને ઉર. ૧
માત ને તાતનું કુળ તે વગોવે, વિધાપરે ફરે વારી;

શરમ શરમ છે એવી નારીને, જે હલકુ વદનારી,
લાજ જનની તજનારી. તજો તજોને ઉર. ૨
છેક નઠારી કુટેવ એ એનો, છોડોને દીલ વિચારી,
સુધર્યા થોડાં તેમ સુધરો તમે તો, નિંદાય નહિ કોઇ નારી,
નીતિની રીતિ સ્વિકારી. તજો તજોને ઉર. ૩
દેશમા લોકમાં થાય ફજેતી,, તે હવે તુરત નિવારી,
થાપો રૂડી ચાલ ભુંડી ઉથાપો. અરજ છે એટલી મારી,
ફટાણાને સહુ ફીટકારી. તજો તજોને ઉર ૪

સહનશીલતા વિષે.

(પરજ દેશી.)

"શેઠ સગાળશા સાધુને સેવે"—એ રાહ

સહનશીળ સુંદરી થાશો કે, ગુણો તેનાજ ગવાશેરે. (ટેક)
વ્હાલામા એથી વિરોધ મટે છે, બોલો વિચારી જો બોલ,
મેણા ટુણાના બોલ ન બોલે, તેનુ વધે છે તોલ—સહનશીળ. ૧
સામો જવાબ ન દેવો ઉતાવળે, ઊભરાઇને ઊર;
કામ થકી તો કંટાળશો નહિ, કામ ત્યાં કર્મ જરૂર—સહનશીળ. ૨
વર કદાપી વ્હેમી અજાણમાં, કુસંગમા પડયો હોય,
તોપણ ધર્મ તમારો ન ભૂલશો, ઇશ્વર સામું જોય.—સહનશીળ. ૩
મા બાપને તો શાપ ન દેશો, કરશો ન કાંઈ કલેશ,
એથી અંતરમાં આનંદ રે'શે, વધશે લાજ હમેશ.—સહનશીળ. ૪
કંટાળીને જો પીયર જાશો, લાયકી તો ન લેખાય,

વારી=પાણી

સુખે દુઃખે સંતોષે રે'તાં, પ્રભુનો પ્રેમ પમાય.—સહનશીળ. ૫
નારીના શણગાર બ્હારથી કેવા, સુંદર હોય કદાચ;
જો શીયળ સંભાળે નહિ તો, તેની ન કિંમત થાય—સહનશીળ. ૬
જુવાનીમાં જે જુવતિ દિવાની, તેનો અફળ અવતાર;
ચેતીને ચાલજો ચતુરાં એ તો, ચટકુ દહાડા ચાર—સહનશીળ. ૭

અભણ સ્ત્રીનો સંસાર.

(ગરબો)

"સુણો સામળા હું તમ મારે"—એ રાહ.
જેણે વિદ્યા સંપાદન નવ કરી જો, (ટેક)
તે નારી પશુ તુલ્ય અવતરી જો.—જેણે. ૧
પ્રથમ બાળપણે તે ધૂળમાં રમે જો,
કુવચન ને લડાઈ બહુ તેને ગમે જો.—જેણે. ૨
મોટી વયમાં તે તો બાઇ શું કરે જો,
કલેશ સાસરે પિયર વિષે આચરે જો.—જેણે. ૩
ગાળો દેવરાવે તે માતને ધણી જો,
સાચવે ન મરજી તે પતિતણી જો.—જેણે. ૪
વેણ વિંછી ડંખ તુલ્ય એ બોલતી જો,
હિંડે માથું વાળી વળી ડોલતી જો.—જેણે. ૫
સારાં ભાગ્યે સ્વામી જો સમજુ હશે જો,
કરિ સહન સર્વ સંકટ તે વેઠશે જો.—જેણે. ૬
પણ સ્વામી તેનાજ જેવો હોય છે જો,
લોક ઝઘડા તેના નિત્ય જોય છે જો.—જેણે. ૭
ઇશ ઓળખે ન પાપ પુણ્ય શું ગણે જો,

કથા વૃથા જો કદાપિ એ સુણો જો.—જેણે. ૮
દેશબધુઓ આ દેશને દીપાવવા જો,
ભાવે લાગો એનીને ભણાવવાજો.—જેણે ૯

સ્ત્રીઓનાં કામો.

પદ–ગરબો.

"હરિ ભજન વિના, દુ:ખ દરિયા સંસારનો"—એ રાહ.
આ દુનિયાના, નવિન હુન્નર જોઇ બુધ્ધિ બાઇ વધારો;
અતિ ઉપયોગી, ધંધા શીખીને સંસાર સુધારો. (ટેક)
એનો શિખવાના જે જે કામો, તેનાં જાણો પ્રથમ પ્રીતે નામો;
જગમા તેથી જરૂર જશ પામો,—આ દુનિયાના. ૧
ધર્મ નીતિ વિષે તો પ્રથમ ભણ્યુ, ગૃહ શિક્ષણુ તે સાથેજ ગણ્યુ,
બળ હુન્નર વણુ ઘટતુ આપણુ,—આ દુનિયાના. ૨
શિખો અંગ નિરોગી સાથિ રહે, દુખ દર્દે સર્વે સલાહ લહે;
ઘર વૈદુ જેને લોક કહે,—આ દુનિયાના. ૩
શુભ વસ્ત્ર વેતરીને સાંધો, રૂડિ રસોઇ રસવતી રાંધો;
બારિક દોરી બખીઆ બાંધો,—આ દુનિયાના. ૪
ગુથણુ રૂમાલ ને ગળપટ્ટા, મોજા ટોપીની નવલ છટા;
ફૂળ ફૂલતણી રચજો સુઘટા.—આ દુનિયાના. ૫
કોમળ કોયલ સુરથી ગાતાં ભાષણમાં લેશ ન અચકાતાં;
પણ ધન લોભે નવ લલચાતાં,—આ દુનિયાના. ૬
છે શિખવાનુ બહુ બહુ પેરે, તે શીખો બહાર અને ઘેરે;
શીખવિયે તેમ પ્રભુ મ્હેરે,—આ દુનિયાના.

બાગ મહિમા

"પુનમ ચાંદનો ખીલી પુરી અહીંરે"—ઇત્યાદી રાહ.

કેવો બાગ આ સરસ ખીલી રહ્યોરે, શોભે રચના સુંદર શી આજ.
ફરિયે સખી સગાતે સરવે બાગમાંરે.
વિશ્રામ લેવાની જગ્યા ઠામઠામ છેરે, બાસ્ટીલોને ખુરશીઓની હાર
ફરિયે૦

ગુલાબ ને ગુલદાવદી, ખીલી ડોલર સાર,
ચંપો ચમેલી કેતકી, આપે સુગંધ અપાર.
એવાં ફુલથી બાગ મ્હેકી રહ્યો રે, જોતાં ચિત રંજિત થાય ખચિત.
ફરિયે૦

પક્ષી પશુ વિધવિધનાં પ્રાણિ તણી સોભાય,
ઉડે ફુવારા નીરના, જોવા મન લોભાય.
એવો સુખકર સુંદર બાગ છે રે, જુદી રહી જોને વૃક્ષ લતાય. ફરિયે૦
આંબા કદળી ઓરડી, સોભે હારોહાર,
તુળશી ડમરો ને તગર, લિંબુડીઓ સુખકાર.
એવાં મનહર રમણિય બાગમા રે, માફક લેવા સરસ સુવાસ. ફરિયે૦
વિદ્યારૂપી બાગમા, કરે પરિશ્રમ જેહ;
તેને સુખ સર્વે મળે, માનો નિઃસંદેહ.
માટે ખંત તો રૂડી રાખીએ રે, બહુ બાળાઓ ધરિને વ્હાલ. ફરિયે૦

સાસરે સંપીને રહેવા વિશે.

રાગ હોરી

"રંગરેજ ચુનર રંગ દે"—વગેરે રાહ.

બે'ની વસીએ સહુ સંપ કરીને,

બોધ આરૂડો હૃદય ધરીને. બ્હેની૦ (ટેક)
સાસરીએ સદાચરણથી ચાલો,
લાભ આધિક ગણીને, હાં હાંરે બેની.
સકટ સરવે દુરજ થાશે,
માટે રહો હળી મળીને, હા હારે બેની. બેની. ૧
કોઇની સાથ કકાસ ન કરીએ,
બેસીએ જરૂર જપીને, હાં હારે બેની.
સાસુને માતા તુલ્યજ ગણીએ,
હરનીશ આજ્ઞા પાળીને, હાં હાંરે બેની બેની. ૨
સસરાજીને પીતારૂપ માની.
ભુડા વેણ તેને નહિ ભણીને, હાં હારે બેની.
નણદીઓને ભગની સમ લેખી,
પ્રેતી એપર ધરીને, હાં હારે બેની. બેની. ૩
દિયર જેઠ ભ્રાત સમ સમજી,
રહો આજ્ઞા અનુસરીને, હા હાંરે બેની.
પરણ્યા પતી સાથ ટટો ન કરીએ,
ખીજીએ ન ખાર ધરીને, હાં હારે બેની. બેની. ૪
પર પુરૂષના સામુ ના પેખો,
સ્વામી વિણુ ભાઇ બાપ લેખીને. હાં હાંરે બેની.
પ્રિતે વર્તવુ પાડોશીની સાથે,
ટટો કરો ન કદીએ, હા હાંરે બેની. બેની. ૫
કોઇનુ સારૂં દેખી શોક ન કરશો,
અયોગ્ય લાલચ તજીને, હાં હારે બેની
ઘરની વાત કોને નવ કરીએ,

સમજ ઊર ગ્રહીને;   હાં હારે બેની. બેના. ૬
માટે સુનિતીથી સપ કરી રહો,
સ્વામી સગ સંતોષી બનીને   હાં હારે બેની.
જો ઘરની વાત બહાર કરીએ તો,
જાએ બાર ઘટીને   હાં હારે બેની. બેના. ૭

વિદ્યા વૃધ્ધિ વિષે.

ગરબી.

"પુનમ ચાદની ખીલી પુરી અહીં રે"—ઇત્યાદી રાહ.

બેની વિદ્યા સૌ વધારો તમે હોંસમા રે, થાય જીવિત ધન્ય જયકાર.
શાણું વિદ્યા વધારો સુધારવા તમો રે.   (ટેક)
જ્ઞાન મેળવવા સાધન છે ઘણાં રે, જે પ્રતાપ છે શ્રી સરકાર. શાણું૦
પઢેલો જે નહિ માનવી, માનવીમાં ન ગણાય,
માટે વિદ્યા શીખિયે, તો કૃત કૃત્ય થવાય.
પૂરો પુન્યશાળી વિદ્યા વધારશે રે, તેનો સુધરશે ઘર સંસાર. શાણું૦
વિદ્યા ખજાનો નહિ ખુટે, લુટે લુટારા કે ચોર,
વાવરતા વૃધ્ધિ થશે, વિદ્યાસમ નહિ ઓર.
ઢોઠ મનુષ્ય ઠગાઇ ડૂબશે રે, માટે ઉતારો તેને તરી પાર. શાણું૦
લખી કે વાંચી જાણવું, તેમાં તો ન વિશેષ,
પણ વિચારીને વર્તશે, ને તો શો ભાવશે દેશવેશ.
શુભ વિદ્યાને જે જન નિંદશેરે, તેને માનો તમે અતિ અજ્ઞાન. શાણું૦
ભણી ગણીને ભામિની, દીપાવો કુળ જાત;

નોજ સફળ મનખો થશે, સંશય કંઇ નહિભ્રાત.
વિદ્યા તણી જે જન સેવા કરે રે, તે તો દેવ મનુષ્ય ગણાય. શા૰ા૰

રોવા કૂટવાનો કુચાલ તજવા વિષે.

(રાગ હોરી)

"સામરો અજહૂ નહિ આયો" એ રાહ.

રોવા કૂટવાનો કુડો ધારો, તજી લોક લાજ વધારો.—રોવા કૂટવા. (ટેક.)
એ અતિશય અઘટિત રૂઢીનાં, નારીઓ દુઃખ નિવારો.
કુમળી વયે હાય કાય સુકાય છે, હેતુ નથી કંઇ સારો,
હૈયેથી કરો એ અકારો.—રોવા કૂટવાનો. ૧
અંગના ભાગ ઉઘાડા મૂકી, હૈડે પાડે ધબકારો,
માન અને મરજાદ ઘટે છે, બગડે છે જન્મારો,
એવો એ રીવાજ સુધારો.—રોવા કૂટવાનો. ૨
વ્હાલું સગું જેનું જાતું રહે છે, લાગે તેને ભવ ખારો;
પણ તે શોક કરો ઘર ખૂણે, બહાર બતાવી શું હારો.
ઝાલીને નદીને કીનારો.—રોવા કૂટવાનો. ૩

સમાપ્ત.

પ્રગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનારા સદ્ ગ્રહ સ્થોનાં મુબારક નામ.

નકલ	નામ.
	માંડવી.
૧૨	શ્રી માંડવીના ગંગાસ્વરૂપ બા સાહેબ શ્રી માનકુવરબા સાહેબ
૧૦	મે. પેન્સનર હેડ માસ્તર સાહેબ મી૦ વજેરામ પ્રભાશંકર ઉપાધ્યાય
૫	શેઠજી દેવચંદજી પ્રેમાજી શાહ
૫	રા. નરભેરામ ત્રંબકરામ સ્કુલ માસ્તર.
૫	રા. ભાનુશંકર પુરૂષોત્તમ સ્કુલ માસ્તર
૫	રા. દલસુખરામ રત્નેશ્વર સ્કુલ માસ્તર
૫	રા. ઇચ્છાશંકર વજેરામ દ્વીવેદી તળાટી
૫	સુકલજી અંબારામ હરીશંકર
૫	રા. રા. ધીરજરામ ભીખાભાઇ લોકલ ફંડ કારકુન
૩	રા. ઘેલાભાઇ માધવ સ્કુલ માસ્તર
૨	રા. કેશવરામ ભાણેજરામ આસી૦ માસ્તર
૧	રા. તુળજારામ મંછારામ દ્વીવેદી આસી૦ માસ્તર

નકલ	નામ.
૨	મી૦ એલ. કે. પારેખ. માસ્તર એ. વી. સ્કુલ માંડવી
૨	રા. કાશીરામ પ્રેમશંકર જોખાકર
૨	પારેખ હરગોવનદાસ ત્રીકમદાસ
૨	સોની કલાણદાસ ગોકળદાસ
૨	શેઠ મણીલાલ જગજીવનદાસ
૨	ઠાકોર લાલસિંહ ભીખાભાઇ
૨	કાજી યાશીનખાં વસફખા મુનસી. ઉર્દુ સ્કુલ માંડવી
૨	ઠક્કર બીજલાલ ફકીરભાઇ
૧	રા. મનસુખરામ બાળકરામ આસી૦ મા૦
૧	ઠા. ભૂપતસિંહ લાલજીબાવા વાંસદીઆ
૧	મી૦ એ. એન ઉપાધ્યાય
૧	મી૦ એન. ડી. સુકલ માસ્તર મીશન એ. વી. સ્કુલ બોરસદ.
૧	રા. જમીયતરામ નરભેરામ આ૦ મા૦
૧	ઉપાધ્યાય હરિશંકર પ્રાણશંકર

૧ મેરાઇ ભગવાન ખુસાલ
૧ વ્યાશ મણીશંકર પુરૂશોત્તમ
૧ શા. જે. બી. સુખડીઆ
૧ રા હરજીવન નરભેરામ તળાટી
૧ વજીર નીગમાનંદ કરૂણાનંદ
૧ શા, મગનલાલ નરશીદાસ
૧ સેક્રેટરી શા. નીગમાનંદ રંત્નેશ્વર ભટ્ટ
૧ રા. દયાશંકર ગોવીંદરામ
૧ શા. ધીરજલાલ સૂરજલાલ
૧ શા. હીરાચંદ રતનચંદ નગરશેઠ
૧ મી૦ મહમદ કાસીમ કારકુન તાલુકા કચેરી માંડવી.
૧ મી૦ દોરાબજી રૂસ્તમજી કકલીઆ ઇન્સ્પેકટર દારૂ ડીપો માંડવી
૧ સુકલ ગજાનંદ હરીનંદ
૧ વૈદ્ય મોરારજી કલ્યાણજી
૧ પ્રોહીત નરશઇરામ રૂપરામ
૧ વૈદ્ય માધવાનંદ વિશ્વાનંદ
૧ રા. રા. રણછોડજી ગોપાળજી સબ રેન્જર તા. માંડવી
૧ સુકલ પ્રાણશંકર માધવરામ
૧ " ઇચ્છાશંકર ધનેશ્વર
૧ પ્રોહીત અંબારામ મયાશંકર
૧ શા, નાગરચંદ ગુલાબચંદ
૧ દ્વીવેદી જયશંકર કાશીરામ
૧ ઠાકોર સા. ભગવાનબાવા ચંદાબાવા
૧ વજીર આત્માનંદ ગીરજાનંદ
૧ પ્રોહીત ગીરજાશંકર કાશીરામ.
૧ ઘાંચી ખુશાલ માણેકલાલ
૧ કસારા કેશવ ખુસાલ
૧ સુકલ પ્રાણશંકર તુળજારામ
૧ સુકલ ઉતમરામ સેવકરામ
૧ અગ્રવેદી નીધમાનંદ કેવળરામ.
૧ સુકલ ગણપતરામ સેવકરામ
૧ પ્રેમશંકર તુળજારામ ઉપાધ્યાય
૫ મેરાઇ હરિભાઇ લાલભાઇ
૨ શેઠ પરસોતમદાસ નરશઇદાસ
૨ સોની ઘેલાભાઇ રઘનાથજી પારેખ
૨ રાણા નાથાભાઇ ભીખાભાઇ
૧ શા. નાથાભાઇ ગુલાબચંદ
૧ બાવા ધીરાદાસ ઠાકોરદાસ આ૦ મા૦
૧ ઘાંચી ભાણાભાઇ લાલભાઇ
૧ " શંકરજી ફકીરભાઇ
૧ શા. ભગવાનદાસ કસ્તુરચંદ
૧ શા. છગનલાલ લાલચંદ
૧ ઠાકોર ગુમાનસિંહ સજાણુવશી.
૧ મી૦ ડી. ડી. જોખાકર

૧ ગીરજાશંકર મયાશંકર આ૦ આ૦ કડોદ
૧ શેઠ લખમીચંદ અમરચંદ
૧ રાણા વલ્લભભાઇ લાલભાઇ
૧ મીસ્તરી પરસોતમ જીવણ
૧ શા. રતનચંદ દેવચંદ
૧ સુખડીઆ પરસોતમ ત્રીકમદાસ
૧ રા. રા. ખંડુભાઇ મોરારજી આ૦ માસ્તર
૧ સુકલ ગણપતરામ નરભેરામ તળાટી
૧ શા. હેમચંદ અમરચંદ
૧ શા. મગનલાલ નથુચંદ
૧ દરજી ભીખા મીઠલ
૧ ઘાંચી ખુસાલ નારણ
૧ ભટ મણીશંકર ઉતમરામ
૧ રેખ દેવશંકર ગીરજાશંકર
૧ ખતરી નરશાઇ જગજીવન ભગત
૧ દલપતરામ સુરજરામ
૨ દુવારકાપ્રસાદ કાળીપ્રસાદ
૧ મી૦ વિનાયકરાવ કૃષ્ણરાવ સબ રજીસ્ટરર
૫ શા. નગીનદાસ મોતીચંદ
૨ ખતરી ફકીરા નારણ
૨ મેહેતા મયારામ દલપતરામ
૧ [illegible] ફકીરભાઈ
૧ ઠાકોર સાહેબ ખુસાલસિંહજી હિંમતસિંહજી
૧ તળાટી નીગમાનંદ હીમતરામ
૧ ભટ દેવશંકર હરિરામ
૧ અમદાવાદી રામશંકર દલસુખરામ
૧ શા. તલકચંદ અમથા
૧ દીક્ષેત દેવશંકર માહેશ્વર
૧ ગળીઆરા લલ્લુભાઇ અંબારામ
૧ વા. કેશવ સકન
૧ સુતાર કેશુર ફકીરચંદ
૧ રજીયાત ધનેશ્વર નરભેરામ
૨ જાનકીદાસ ભરતદાસ વૈદ્ય
૧ દીક્ષેત નાગેશ્વર જાગેશ્વર
૧ દીક્ષેત પૂર્ણાશંકર નિત્યાશંકર
૧ ભા. રણછોડ જેરામ
૧ પ્રા. મોચારશીંગ ખુશાલશીંગ
૫ મે. વાંસદીઆ ઠાકોર સાહેબ શ્રી ખુસાલસિંહજી હમીરસિંહજી
૫ મે. મહિડા ઠા. સા. શ્રી રામસિંહજી ગંભીરસિંહજી
૫ મે. મહિડા ઠા. સા. શ્રી વજેસંગજી પ્રભાતસંગજી
૫ રા. રા. મી૦ પ્રેમશંકર મયાશંકર બ્યાશ મેજીસ્ટ્રેયલ

કારકુન સાહેબ. તાલુકા ક ચેરી માંડવી.
૫ રા. ઊમીયાશંકર આણંદરા મ સુકલ.
૫ રા રા. મી૦ વજેરામ પ્રા ણુશકર ઉપાધ્યાય હેડમાસ્તર સાહેબ માડવી મ્યુ૦ મુખ્ય સ્કુલ.
૩ રા. રા. ભગવાનદાસ ભુખ ણુદાસ કારકુન સાહેબ તા લુકા કચેરી માંડવી.
૨ રા. કેશવરામ નાગેશ્વર ફ્રે રેન્ટ કારકુન.
૨ રા. ત્રીકમરામ રામશકર તળાટી.
૨ ખતરી ગીરધર લખમીદાસ
૧ રા. રા. રહેમાનખાં કાલખાં તલાટી.
૧ સોની નાથુભાઇ બાપુભાઇ.
૧ ઘાંચી ઘેલાભાઇ ગંગારામ
૧ રા. અમૃતરામ કેશવરામ
૧ શા૦ નાથાચંદ મુળચદ
૧ શા૦ મગનલાલ ઘેલાભાઇ
૧ માસ્તર શીવલાલ લખમીશીંગ
૧ મારવાડી રૂપાજી ભાવાજી
૧ પોસ્ટમેન ભીખારીશીંગ જે રામ
૧ રા. ઘેલાશંકર આણંદજી જોશી તળાટી
૧ મી૦ સુલતાનખાં રહેમાન ખાં માજી મુન્સી.
૧ રા. રા. કીકાભાઇ મોતીરા મ કારકુન સા.
૧ રા. રા. મોતીલાલ ઇચ્છા રામ સર્કલ ઇન્સ્પે. સા
૧ શા૦ મગનલાલ મલુકચદ
૧ સોની ત્રીભોવનદાસ દામોદ રદાસ પારેખ
૧ ઠા૦ મોહનશીંગ પહાડશીંગ
૧ ઠા૦ ગેમાનશીંગ કાળાભાઇ
૧ આપકારી શીપાઇ પીરીઆ પુનીઆ
૧ પા૦ કેશવશીગ રામશીંગ
૫ શોની મોતીભાઇ રઘનાથજી પારેખ
૩ મી૦ પ્રાણુશકર પુરૂષોત્તમ પ્રોહિત. કારકુન સા. પ. વ. ડી.
૨ રા. વસનજી લલ્લુભાઇ દે શાઇ તળાટી પુણીકર
૨ બારોટજી ઉમેદસંગ જેસં ગભાઇ
૨ સુખડીઆ આતમારામ ગુ લાબચંદ
૨ રા. મોરારજી ઇચ્છારામ ભટ
૨ જાખાકર મયાશંકર વિઘા શંકર
૧ મી૦ રતનજી વલ્લભભાઇ દે

શાઇ હેડ માસ્તર સાહેબ
માંડવી એ. વી. સ્કુલ

મોજે તરસાડા તા. માંડવી.

૫ ઠા. સા. શ્રી માનસિંહ રા યસિંહ
૨ ઠા સા. શ્રી નેરશીંગ ભીમ શીંગ વનાહ
૨ ઠા સા. શ્રીઅનોપસિંહ છી તાબાવા
૨ ઠા. સા શ્રી પરભાતસંગજી દાજીણાના હોડીયા

મોજે પુના તા. માંડવી.

૫ આટોદરીયા ઠાકોર સાહેબ શ્રી છીતાબાવા ઉમેદબાવા.

ઓઢાણ.

૧ માસ્તર વિષ્ણુરામ ઉતમરામ
૧ રા. ધેલાભાઇ ફકીરભાઇ સ્માર્ત.
૧ રણાત રાજારામ વલ્લભરામ
૧ શા૦ ગુલાબદાસ વદ્રાવનદાસ

કડોદ.

૧ શા. વીરચંદ જીવણજી
૧ શા. ભીખાજી જીવણજી પુના તા. માંડવી
૨ પારેખ મણીલાલ ભગવાનદાસ
૨ મે. બળદેવદાસ હરિદાસ વૈદ
૨ નીઓળીઆ વીરમબાવા બાજીબાવા
૧ જોશી લક્ષમીશંકર પ્રેમશંકર

ઓરીદ્રા તા. ઝગડીઆ

૫ મે. ઠાકોર સાહેબ શ્રી નૃપતસિંહજી અભેસિંહજી

વ્યારા

૧ શા. પ્રેમચંદ ઝવેરચંદ

પારડી.

૫ મી૦ મચેરશા હોરમસજી

વલસાડ.

૧ મી૦ કે. એમ વજીફદાર

સુરત

૧ મી૦ એમ. એમ. જોશી. બી. એ.
૨ શેઠ મછારામ દુલભરામ
૧ કસારા વિજભુખણદાસ દયારામ
૨ મી૦ એરચશા આદરજી આપકારી સ. ઇન્સ્પે. સા.

મુંબઈ.

૫ મી૦ કે. ડી. ક્રોફર્ડ
૧ મી૦ રૂસ્તમજી જમસેદજી

નાદોદ.

૧ દોશી વ્રજલાલ કેશુરદાશ

ભરૂચ.

૧ ભાઇ ચુનીલાલ શીવલાલ
૧ પટેલ નાથાભાઇ નરોતમદાશ
૧ પટેલ વીઠલદાસ વણારશીદાસ

ધોળા.

૧ ભાઇ કાહાનદાસ શીવલાલ

ગાંધી

બારડોલી.

૨ આત્મારામ ભાઇશંકર

નડીઆદ

૫ શા૦ મણીલાલ હરિલાલ

ચીખલી

૪ મી૦ બળવતરાવ જેરામરા

વ ડાંગે

તડકેશ્વર

૫ શા૦ વિઠલદાસ પ્રેમાનદ